ભુજ : સારસ્વત બ્રાહ્મણ મહાસ્થાન દ્વારા સવારે ૯.૩૦ વાગ્યે સારસ્વત વાડી ખાતે મહાસ્થાનના પ્રમુખ હિમાંશુભાઇ ચબડના હાથે ધ્વજવંદન, વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, બપોરે ૩.૩૦ વાગ્યે શહેરના ટાઉનહોલ ખાતે સરસ્વતી સન્માન સહિતના કાર્યક્રમો યોજાશે.

ઉમા યોગ કેન્દ્ર : દેશભક્તિના ગીત-સંગીત સાથે યોગના વિવિધ આયામો, એરોબિક્સ-ઝૂમ્બા અને યોગા સેલિબ્રેશન સાંજે ૪.૩૦થી ૬.૩૦ ઉમા યોગ કેન્દ્રના હોલમાં, બેન્કર્સ કોલોની, ગેટ નં. પાંચ, ભુજ ખાતે.

ભુજ તપગચ્છ સંઘમાં 'આઝાદીમાં જૈન સ્વતંત્રતા સેનાનીઓ' વિશે માર્મિક પ્રવચન, 'આઝાદીમાં જૈન સ્વતંત્રતા સેનાનીઓ' વિષય પર શ્રમણી ગણનાયક જૈનાચાર્ય રશ્મિરત્ન સૂરિશ્વરજી મ.સા.નું પ્રવચન સવારે ૭.૩૦ વાગ્યે.

બહુમાળી ભવન પટાંગણમાં સવારે ૯.૩૦ ક્લાકે હિતેન્દ્ર અમીધર ઇન્ચાર્જ સમાજ કલ્યાણ અધિકારીના હાથે ધ્વજવંદન.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ દ્વારા સંસ્થાના પ્રમુખ અભિલાષ મહેતાના હાથે ધ્વજવંદન સવારે ૯ ક્લાકે સંસ્થાના કાર્યાલય ખાતે.

વૃક્ષમિત્ર સંગીત સભા : મહાનુભાવોના હાથે ધ્વજવંદન તેમજ દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યે તેમજ સાંજે ૫થી ૯ વાગ્યા સુધી ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી વૃક્ષમિત્ર ગાર્ડન, પ્રમુખસ્વામી મહારાજ સર્કલ, કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુંદરા રિલોકેશન, ભુજ ખાતે.

લાયન્સ ક્લબ ઓફ ભુજ : સવારે ૯ ક્લાકે એલએમએન લાયન્સ હોસ્પિટલ મધ્યે એલએમએન લાયન્સ હોસ્પિટલના ચેરમેન એમએફજે લાયન ડૉ. ભરત

એ.ડી. મહેતાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે તથા ૯.૩૦ ક્લાકે ઝવેરબેન કાંતિલાલ ઠક્કર લાયન્સ હોસ્પિટલ રોડ મધ્યે લાયન્સ ક્લબ ઓફ-ભુજના પ્રેસિડેન્ટ લાયન અનુપ કોટકના હાથે ધ્વજવંદન.

પાલારા (તા. ભુજ) : અખિલ કચ્છ સમસ્ત મેઘવંશી ગુર્જર મેઘવાળ સમાજ સૂચિત શૈક્ષણિક અને સામાજિક સંકુલ ખાતે સંસ્થાના પ્રમુખ ધર્મેન્દ્ર આર. ગોહિલના હાથે સવારે ૧૦ વાગ્યે ધ્વજવંદન.

લાયન્સ ક્લબ ઓફ માધાપર ઓનેસ્ટ : ક્લાવૃંદ ક્લબ તથા કરાઓકે ધી મ્યુઝિકલ જર્નીના સંયુક્ત ઉપક્રમે સાંજે ૫.૪૫ વાગ્યે દેશભક્તિનાં ગીતોનો કાર્યક્રમ પાટ હનુમાન મંદિર, માધાપર ખાતે.

માંડવી : મદીના હોસ્ટેલના પ્રાંગણમાં સંસ્થાના પ્રમુખ હાજી અભુભખર હાજી દાઉદ પઠાણના હાથે સવારે ૯.૩૦ વાગ્યે ધ્વજવંદન.

જૈન આશ્રમ : તા. ૧૫ના ૧૨.૧૫ વાગ્યે દાતા દીપકભાઇ ભેદા-મુંબઇના સહયોગથી ક.જિ.ગ્રા.વિ. સમિતિના પ્રમુખ અરવિંદભાઇ જોશી, કારોબારી સભ્ય દિનેશભાઇ શાહ, લાયજાના કચ્છી સાહિત્યકાર વિશ્રામભાઇ ગઢવીના હસ્તે માંડવીના જૈન આશ્રમને ગ્રેવી મશીન અને રસોઇના ઉપકરણો ભેટ આપીને ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવશે.

માંડવીની જનકલ્યાણ મેડિકલ સોસાયટીમાં સવારે ૯-૩૦ વાગ્યે, સંસ્થાના મંત્રી અરવિંદભાઇ કે. શાહના હાથે ધ્વજવંદન કરાશે. ચેરમેન કિરણભાઈ સંઘવી, ટ્રસ્ટીઓ, મેમ્બરો, સંસ્થાના ડોક્ટરો તથા દરેક વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહેશે.

ખલ્ફાનભાઇ દામાણી પ્રાથમિક શાળામાં ૯ વાગ્યે શિક્ષક સમાજના પ્રમુખ દિલીપભાઇ જૈનના પ્રમુખ પદે, શાળાના પ્રાંગણમાં, શાળાની વિદ્યાર્થિની ઝીન્નત સુલેમાનભાઇ વારાના હાથે ધ્વજવંદન. શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ દેશભક્તિ ગીતો રજૂ કરાશે તથા ઈનામ વિતરણ.

મુંદરા બારોઈ નગરપાલિકા : દંડક પ્રકાશભાઈ ગોપાલજીભાઈ ઠક્કરના હસ્તે ધ્વજવંદન જવાહરચોક ખાતે વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાશે.

કારાઘોઘા (તા. મુંદરા) : પ્રાથમિક શાળામાં સરપંચ નેહાબેન મુકેશભાઈ શેઠિયાના હસ્તે ધ્વજદંડ કરવામાં આવશે.

બાગ (તા. માંડવી) : રામનગર પ્રાથમિક શાળામાં ધ્વજવંદન સાથે રામકૃષ્ણ સેવા મંડળ બિદડા આયોજિત નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પ. ડૉ. મનોજ માકાણી અને ટીમ સેવા આપશે એમ શાળા આચાર્ય નિરંજન વ્યાસે જણાવ્યું હતું.

કાઝરી કુકમામાં વૃક્ષારોપણ : કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના આહ્વાન પર પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ક્ષેત્રના વિસ્તારના ઉદ્દેશથી 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત આઇસીએઆર-કાઝરી, કુકમા-ભુજના પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આઇસીએઆર-કાઝરી, કુકમા, ભુજના વડા ડૉ. મનીષ કંવટ તથા તમામ વૈજ્ઞાનિકો તેમજ ટેકનિકલ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ પ્રજાતિના છોડ વાવ્યા હતા.

કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરો

■ ગૌશાળા-પાંજરાપોળના સંગઠને મુખ્યમંત્રી પાસે ધા નાખી

ભુજ, તા. ૧૩ : કચ્છમાં વરસાદના અભાવને કારણે સર્જાયેલી ગંભીર અછતની પરિસ્થિતિને ધ્યાને લઇ કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરી પશુધન માટે તાત્કાલિક રાહત વ્યવસ્થા કરવા મુખ્યમંત્રી સમક્ષ ધા નાખવામાં આવી છે. અગાઉ કચ્છ જિલ્લામાં વરસાદની અછત તથા ઘાસચારાની ગંભીર પરિસ્થિતિ અંગે રજૂઆત કરવામાં આવી હતી. ફોરેસ્ટ વિભાગનો ઘાસચારો અપાયો હોવા છતાં પૂરતો નથી. સરકાર દ્વારા ઉપલબ્ધ ઘાસચારો માલધારીઓને આપવામાં આવ્યો છે. આ નિર્ણય આવકાર્ય છે, પરંતુ કચ્છમાં પશુધનની મોટી સંખ્યા અને હાલની ગંભીર પરિસ્થિતિને જોતાં આપવામાં આવેલો ઘાસચારો અપૂરતો છે. પશુધન માટે પૂરતો નથી તેવું અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘના પ્રમુખ ભરતભાઇ સોંદરવાએ પત્રમાં જણાવ્યું હતું. હવે ઓગસ્ટ મહિનો ચાલી રહ્યો છે, છતાં કચ્છ જિલ્લામાં વરસાદની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. વરસાદના અભાવે ઘાસચારો, પાણી અને પશુધન નિભાવની ગંભીર સમસ્યા ઊભી થઇ છે. કચ્છ જિલ્લામાં ૩૦૦થી વધુ પાંજરાપોળ અને ગૌશાળાઓમાં આશરે ૧.૫૦ લાખથી વધુ નિરાધાર પશુધનનો નિભાવ કરવામાં આવે છે. ઉપરાંત હજારો માલધારી પરિવારો પશુપાલન પર નિર્ભર છે.

કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે : ચોમાસાનો મહત્ત્વપૂર્ણ સમય પસાર થઇ રહ્યો હોવા છતાં વરસાદના અભાવે અનેક વિસ્તારોમાં પૂરતો ઘાસચારો ઉપલબ્ધ થયો નથી. ગૌચર અને ચરિયાણ વિસ્તારોમાં પણ ઘાસની અછત છે તેથી કચ્છ જિલ્લામાં વરસાદ, ઘાસચારો, પાણી તથા પશુધન પર થયેલી અસરનું તાત્કાલિક મૂલ્યાંકન કરી કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે એવી તેમણે પત્રમાં માગણી કરી હતી. પાંજરાપોળો અને ગૌશાળાઓમાં વધારાના પશુધનને રાખવાની વ્યવસ્થા કરવામાં આવે તો તેમના પર ઘાસચારો, પાણી, દવા તથા નિભાવ ખર્ચનો મોટો વધારાનો બોજ પડશે. આથી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત દૈનિક એક પશુદીઠ રૂા. ૫૦ની નિભાવ સહાય પાંજરાપોળો અને ગૌશાળાઓને ફાળવવામાં આવે તેવી તાતી જરૂરિયાત છે.

માત્ર ઘાસચારાની અછતનો પ્રશ્ન નથી, પરંતુ કચ્છના લાખો અબોલ પશુઓનાં જીવન અને હજારો માલધારી પરિવારોની આજીવિકાનો પ્રશ્ન છે. પાંજરાપોળો અને ગૌશાળાઓ વર્ષોથી સેવા કરી રહ્યા છે. હાલની અછતની પરિસ્થિતિમાં તેઓ વધુ પશુધનને આશ્રય આપવા તૈયાર છે, પરંતુ સરકારની જરૂરી સહાય વિના આ જવાબદારી નિભાવવી મુશ્કેલ છે એમ સ્પષ્ટ જણાવાયું હતું.

કચ્છના મુસાફરો ગીતામંદિર ટર્મિનલ-બેનો ઉપયોગ કરી શકશે

ભુજ, તા. ૧૩ : કચ્છથી અમદાવાદ જતા મુસાફરો હવેથી ગીતામંદિર ટર્મિનલ-બેનો ઉપયોગ કરી શકશે.

ગુજરાત રાજ્ય રોડ અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન સંચાલિત ગીતામંદિર બસ સ્ટેશન ટૂંકું પડતું હોઇ અગાઉનો બંધ કરાયેલા ભાગ ફરી શરૂ કરવામાં આવ્યો છે અને ઝોનવાઇઝ કરાયેલા ભાગ મુજબ કચ્છ ઉપરાંત સાબંદ, વિરમગામ, સુરેન્દ્રનગર, મોરબી સહિતના એસ.ટીના મુસાફરો ગીતામંદિરના ટર્મિનલ-૨ના પ્લેટફોર્મ નં. ૭થી ૧૧નો ઉપયોગ કરી શકશે.

બે દિવસીય બાળકીને સ્પાઈનનું પડકારરૂપ ઓપરેશન કરી બચાવાઈ

■ જી.કે.ના ન્યૂરોસર્જન-એનેસ્થેટિક ટીમે ઉગારી

ભુજ, તા. ૧૩ : જન્મજાત કરોડરજ્જુ મેનીન્ગોમાયલોસેલની ખામી ધરાવતી બે દિવસીય બાળકીના સ્પાઈનનું પડકારરૂપ ઓપરેશન કરી ગેઇમ્સ - જી.કે. જનરલ હોસ્પિટલના ન્યૂરોસર્જન અને એનેસ્થેટિક ટીમે ભવિષ્યમાં સંભવિત ચેપ અને લકવાના જોખમથી પણ ઉગારી લીધી હતી. ન્યૂરોસર્જન ડૉ. પ્રદ્યુમન ચોક્સીએ જણાવ્યું કે, ગાયનેક વિભાગમાં જન્મેલી બાળકીની પીઠમાં કરોડરજ્જુ અને ચેતાઓ ગાંગડા સ્વરૂપે બહાર દેખાતાં સ્ત્રીરોગના તબીબોએ સતર્કતા બતાવી તાત્કાલિક ન્યૂરો વિભાગનો સંપર્ક કર્યો હતો. તપાસ કરતાં તેનું મેનીન્ગોમાયલોસેલ નિદાન થયું અને તાત્કાલિક ઓપરેશનનો નિર્ણય લેવાયો. એનેસ્થેટિક તથા ન્યૂરોસર્જરીની ટીમના સહયોગથી પડકારરૂપ શસ્ત્રક્રિયા કરી બાળકીને બચાવી લેવાઈ હતી.

તબીબોએ વધુમાં જણાવ્યું હતું કે, આ સ્થિતિનું જન્મના ૨૪થી ૪૮ કલાકમાં ઓપરેશન કરવું પડે, અન્યથા ચેતાને કાયમી નુકસાન થવાની ભીતિ રહે છે.

આ પ્રકારની સ્થિતિ અટકાવવા ગર્ભસ્થ માતાએ ગર્ભધારણ દરમિયાન તબીબની સૂચના મુજબ ત્રણ મહિના સુધી ફોલિક એસિડની ગોળી લેવી, સંતુલિત આહાર લેવો, નિયમિત તપાસ કરાવવી અને ખાસ તો માતાઓએ ડોક્ટર્સની સલાહ વિના કોઈ પણ દવા લેવાનું ટાળવું જ જોઈએ.

માંડવીમાં રખડતા ઢોરોનો ત્રાસ : હાલ ઘણા સમયથી રખડતા ઢોરની સમસ્યા વધતી જતી જોવા મળી રહી છે. માંડવી શહેરની સાંકડી ગલીઓમાં રખડતા ઢોરોને કારણે નાનાં બાળકો, વૃદ્ધો માટે ચિંતાનો વિષય છે. વરસાદી સિઝનમાં વધુ મુશ્કેલી થાય છે. આ સમસ્યાનો ઉકેલ ઝડપથી તંત્ર દ્વારા કરાય તેવી માગ સ્થાનિક લોકોએ કરી હતી.

મુંદરામાં દાતાના સહયોગથી મેડિકલ સહિત જનસેવા

મુંદરા, તા. ૧૩ : મુંદરાની જનસેવા દ્વારા જીવદયા ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાઇ હતી.

માંડવી તા.ના બિદડાના નીલેશ રામાણીના પુત્ર સ્વ. નિશ્ચયની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે અને પરિવારનાં આર્થિક સહયોગથી જનસેવા દ્વારા મેડિકલ તેમજ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાઇ હતી. સ્વ. ભચીબેન ભાણજી મનજી રામાણી પરિવારે સહયોગ આપ્યો હતો.

જ્યારે ગુરુવારે પરંપરા મુજબ, ખીચડી પ્રસાદ અને અન્ય સેવામાં દાતાઓ પીએસઆઇ એન.પી. ગોસ્વામી, જતિન ઠાકર પરિવાર, દિનેશ રામૈયા, હર્ષદ રાવલ, પ્રકાશ છ. ઠક્કર વિ.એ સહયોગ આપ્યો હતો સંસ્થાના રાજ સંઘવીએ આયોજન કર્યું હતું.

માંડવીના દરિયાકિનારે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

માંડવી - કચ્છઉદય : સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે માંડવી ખાતે વિવિધ દેશભક્તિસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેની ઉપસ્થિતિમાં માંડવીના દરિયાકિનારે માછીમાર સમુદાયના સથવારે એક ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

દરિયામાં બોટ મારફતે યોજાયેલી આ અનોખી તિરંગા યાત્રા શરૂ કરતા પહેલાં દેશવ્યાપી અભિયાન એક પેડ માઁ કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરિયાના પાણીમાં દેશભક્તિના રંગે રંગાયેલી બોટે સાથે ભવ્ય તિરંગા યાત્રા પ્રસ્થાન પામી હતી.

મોટા સલાયામાં સુન્ની મુસ્લિમ વાગેર સમાજ દ્વારા ભવ્ય સમુદ્રી ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભક્તિ, એકતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી ઓતપ્રોત આ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો, મહિલાઓ, યુવાનો તથા વિવિધ સમાજના આગેવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

આ કાર્યક્રમમાં માંડવી નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન જોષી, દર્શનભાઈ ગોસ્વામી, કમલેશભાઈ ગઢવી, કિશનસિંહ, પૂર્વ પ્રમુખ હરેશભાઈ વિંઝોડા, ઉપપ્રમુખ માંડવી શહેર સંગઠન મેહુલભાઈ શાહ, નરેનભાઈ સોની, કારોબારી ચેરમેન વિજયભાઈ ગઢવી, સેનિટેશન ચેરમેન લક્ષ્મીચંદભાઈ ફુફુલ, વિજયભાઈ ચૌહાણ, પંકજભાઈ રાજગોર, અબ્દુલ કાદર રુકનાણી નગરસેવક, બીલકીસબેન, હુસેનભાઈ બકાલી, પ્રકાશભાઈ જોગી, જીગરભાઈ, ફીરોજભાઈ થૈમ સહિત યુવા મોરચા, બક્ષીપંચ મોરચા, મહિલા મોરચા, અનુસૂચિત જાતિ મોરચો, લઘુમતી મોરચો તથા ભારતીય જનતા પાર્ટીના વિવિધ મોરચા અને કારોબારીના કાર્યકરો, અન્ય સમાજોના આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકોએ યાત્રામાં જોડાઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેવું પંકજ રાજગોરની યાદીમાં જણાવાયું હતું.

શ્રાવણ મહિના દરમિયાન ડુમરાના આનંદેશ્વર મહાદેવ મંદિરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

ભુજ - કચ્છઉદય : ડુમરા તેમજ આજુબાજુના ગામોના આસ્થાના સ્થાન ડુમરા ખાતે આવેલ પૌરાણિક આનંદેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન ડુમરા વિસ્તાર વિકાસ સમિતિ અને ભાવેશ લકકી સેવા સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી કરવામાં આવ્યું છે. મંદિર ખાતે ઉધ્ધ્વન તપસ્વી દિગંબર પ્રેમગીરીબાપુએ ગાદી સંભાળયા બાદ મંદિર પરિસરનો ખુબ જ વિકાસ થયો છે. તાજેતરમાં જ પ્રેમગીરીબાપુ બ્રહ્મલીન થયાં બાદ હાલે તેઓના જ ગુરૂભાઈ રૂદ્રગીરીબાપુ ગાદીપતિ બન્યાં છે.

પ્રેમગીરીબાપુની ચિરસ્મૃતિમાં આ શ્રાવણ માસમાં સમગ્ર માસ દરમ્યાન ભકિતમય કાર્યક્રમોની ભરમાર રાખવામાં આવેલ છે. પ્રેમગીરીબાપુની સેવાઓ વખતે શ્રાવણમ ાસ દરમ્યાન યોજાતા ધાર્મિક કાર્યક્રમોના મુખ્ય યજમાન તરીકે સ્વ. લીલાવંતીબેન જેઠાલાલ ઉકેડા ઠકકર પરિવાર (ડુમરાવાળા) રહેતાં હતાં, પરંતુ તાજેતરમાં જ પ્રેમગીરીબાપુ બ્રહ્મલીન થતાં તેઓના સેવકગણો દ્વારા ચાલુ વર્ષે દર દિવસના દાતા તરીકે દરેક ભક્ત ગણને લાભ મળે તે હેતુથી તિથિ દાતા નકકી કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસના દાતા તરીકે દીપ્તાનંદજી (માંડવી) ત્યારબાદ સ્વ. પ્રેમજીભાઈ ડુડીયા, સ્વ. નરોત્તમભાઈ ગોર, સ્વ. બેબીબેન સોઢા, સ્વ. લીલાવંતીબેન ઠકકર, હંસાબેન ગણાત્રા, કિશોરસિંહ જાડેજા, લાલજીભાઈ રાઠોડ, ઠાકોર જયવીરસિંહ, સુશીલાબા જાડેજા, કમશ્રીબેન ગઢવી, દશરથબા જાડેજા, સ્વ. લીલાધરભાઈ કારીયા, લક્ષ્મીબેન ઠકકર, વિક્રમસિંહ જાડેજા, જયદિપસિંહ જાડેજા, ખેંગારજી જાડેજા, શૈલાબેન જોશી, સ્વ. ધનબાઈ વડોર, કસ્તુરબેન ઠકકર, જાલુભા જાડેજા, મહેશોજી સોઢા, રમેશભાઈ જોષી, શારદાબેન ઠક્કર, વિનોદભાઈ ભીંડે, એ.પી. બાવા ગ્રુપ, રૂદ્રગીરીજી બાપુ, સ્વ. વેલજીભાઈ ઉપાધ્યાય, સ્વ. દિનકરભાઈ બાપટ, સ્વ. ખરાશંકરભાઈ બાપટ અને સ્વ. મહાવીરસિંહ જાડેજા રહેશે. આ ઉપરાંત દરરોજ મહાદેવ પર અભિષેક કરવાના થતાં ૫૧૦૦ બીલીપત્ર તેમજ ફળફુલના દાતા તરીકે ભુજના જાણીતા અગ્રણી વિનયભાઈ વિનોદભાઈ રેલોન રહેશે.

આચાર્ય રાહુલભાઈ જોષી (નખત્રાણા)વાળાના મુખ્ય આચાર્યપદે યોજાનાર આ માસિક ધાર્મિક કાર્યક્રમોમાં મુખ્યત્વે નિત્ય મહાદેવ, પ્રસ્થાપિત દેવોનું પુજન, રૂદ્રાભિષેક સાથે ૫૧૦૦ બીલીપત્રનો અભિષેક, શિવયજ્ઞ (હવન), શિવ સહસ્ત્ર નામના પાઠ, શિવ ચાલીસા, હનુમાન ચાલીસા, શિવ તાંડવ, સુંદરકાંડનો પઠન શાસ્ત્રી સાવનભાઈ જોષી, શાસ્ત્રી મોહનભાઈ જોષી, શાસ્ત્રી મીતભાઈ જોષી અને શાસ્ત્રી જયભાઈ જોષી કરાવશે. માસ દરમ્યાન ભંડારો પણ અવિરત ચાલુ રાખવામાં આવશે. ઉપરાંત ડુમરા બસ સ્ટેશનથી મંદિર સુધી પહોંચવા માટે વાહનોની નિઃશુલ્ક સુવિધા પણ આ સંસ્થાઓ દ્વારા કરવામાં આવી છે. શ્રાવણ માસના સોમવાર નિમિતે વિશિષ્ટ અભિષેક યજ્ઞ, સાંજે ભવ્ય મહાઆરતી તેમજ રાત્રે કચ્છ - સૌરાષ્ટના નામાંકિત કલાકારો દ્વારા સંતવાણીનું પણ આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રથમ સોમવારે તા. ૧૭-૮ના નીલેશભાઈ ગઢવી, પુનમબેન ગઢવી અને સ્થાનિક કરોડીયા ગામના સાહિત્યક એવા શ્યામભાઈ ગઢવીની સંતવાણીનું આયોજન કરવામાં આવેલ છે. દર સોમવારે યોજાનાર સંતવાણીમાં થનાર આવક જીવધ્યાના કાર્યામાં વાપરવામાં આવશે તેવું ડુમરા વિસ્તાર વિકાસ સમિતિના ચેતન ગોરે જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, આનંદેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં બારેમાસ ગાયોને નીરણ આપવામાં આવે છે તેમ છતાં શ્રાવણમાસ દરમ્યાન જીવદયાના કાર્યોને વેગ આપવા માટે સમગ્ર માસ દરમ્યાન ગાયોને નીરણ, પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલાં, અબોલા જીવોને પીવાના પાણીની વ્યવસ્થાનું પણ આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર આયોજનને પાર પાડવા ડુમરા વિસ્તાર વિકાસ સમિતિ તેમજ ભાવેશ લકકી સેવા સ્મૃતિ ટ્રસ્ટ ડુમરાના કાર્યકરો ઉપરાંત આજુબાજુના ગામના વિષ્ણુ સમાજના ભાવિકગણ જહેમત ઉઠાવી રહયાં છે.

રાપરમાં પોલીસ-PGVCLનું સંયુક્ત ઓપરેશનઃ ગેરકાયદે વીજ કનેક્શન ઝડપાયું, રૂ.૧.૦૭ લાખનો દંડ



રાપર : રાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓના રહેણાંક સ્થળોની તપાસ દરમિયાન પોલીસ અને PGVCLની ટીમે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. સુખડધાર હનુમાન શેરી ખાતે તપાસ દરમિયાન ગેરકાયદેસર વીજ કનેક્શન મળી આવ્યાનું પોલીસે જણાવ્યું છે.

આ મામલે બસીરભાઈ ઉંમરભાઈ કુંભાર, ઈરફાન ઉંમરભાઈ કુંભાર અને અયુબ ઉંમરભાઈ કુંભારના નામ જાહેર કરવામાં આવ્યા છે. PGVCLની ટીમ દ્વારા ગેરકાયદેસર વીજ કનેક્શન કાપી જરૂરી કાર્યવાહી સાથે રૂ.૧,૦૭,૯૨૮.૪૫નો વીજદંડ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી રાપર પોલીસ ઈન્સ્પેક્ટર આર. એલ. ખટાણા, PSI બી.એસ. ચૌધરી તથા રાપર પોલીસ સ્ટાફ દ્વારા PGVCLની ટીમને સાથે રાખીને કરવામાં આવી હતી.

ગાંધીધામ B-ડિવિઝન અને ભચાઉ પોલીસની પ્રોહિબિશન ડ્રાઇવઃ નશામાં વાહન ચલાવતા ૩ ચાલકો પકડાયા

ગાંધીધામ/ભચાઉઃ પૂર્વ કચ્છ પોલીસ દ્વારા દારૂબંધી અને ટ્રાફિક નિયમોના કડક અમલ માટે યોજાયેલી ડ્રાઈવ દરમિયાન નશાની હાલતમાં વાહન ચલાવતા બકુલ કુંભાભાઈ વાઘેલા (ગાંધીધામ હાઉસિંગ બોર્ડ), ગોવિંદ દેવારામ મેઘવાલ (શનિવારી ગ્રાઉન્ડ) અને મોહનભાઈ સોડાભાઈ કોલી (ગુણાતીતપુર કેનાલ બ્રિજ, ભચાઉ) ને બાઈક સાથે ઝડપી પાડી M.V. એક્ટ તથા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

દેશભક્તિનો અનોખો રંગ : ભુજમાં રાષ્ટ્રીય પર્વોની અનોખી ઉજવણી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતે રોયલ સ્ટેશનરી ચલાવતા અને અનવર કાકા તરીકે જાણીતા અનવરભાઈ નોડે દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. ભૂકંપ બાદ પોતાનો વ્યવસાય શરૂ કરનાર અનવરભાઈ વર્ષ ૨૦૦૨થી સતત ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય પર્વોને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. તેઓ દેશના વડાપ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા શરૂ કરાયેલા હર ઘર તિરંગા અભિયાનમાં સક્રિયપણે ભાગ લઈ લોકોને તિરંગા વહેંચીને પ્રોત્સાહિત કરે છે. તેઓ શાળાના બાળકો અને ગ્રાહકોને રાષ્ટ્રીય ધ્વજ, પુસ્તકો અને અલ્પાહાર આપીને દેશપ્રેમની જ્યોત પ્રજ્વલિત રાખવાનું કાર્ય કરી રહ્યા છે. અનવરભાઈનું માનવું છે કે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી માત્ર ઉત્સવ નથી પરંતુ દેશની આન, બાન, શાન અને જાન છે. તેમની આ દેશભક્તિ ભુજ સહિત સમગ્ર કચ્છમાં સરાહના મેળવી રહી છે.

ભારત સેવક સમાજનો સ્થાપના દિવસ ઉજવાયો

ભુજ - કચ્છઉદય : દેશની રાષ્ટ્રવાદી સંસ્થા ભારત સેવક સમાજના ૭૫મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગેનો એક કાર્યક્રમ સંસ્થાની કચ્છ જિલ્લા શાખા દ્વારા કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રમાં તેના પ્રમુખ કમળાબેન વ્યાસના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. પ્રારંભમાં કેન્દ્રની બાળાઓએ ઈતની શક્તિ હમે દેના દાતા પ્રાર્થના રજૂ કરી હતી. આ પ્રસંગે શાખાના કાર્યકારી પ્રમુખ અબ્દુલ ગફુર શેખે સંસ્થાની સ્થાપના, તેનો ઈતિહાસ તેમજ કામગીરી અંગે માહિતી આપી હતી. સંસ્થા વતી શ્રીમતિ વ્યાસનું મોતીની માળા પહેરાવી તથા શાલ ઓઢાળીને પ્રબોધભાઈ મુનવરે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પધારેલા વિવિધ ક્ષેત્રોમાં સારી કામગીરી કરતા મહાનુભાવોનું મોતીની માળા પહેરાવી તથા શાલ ઓઢાળીને સન્માન કરાયું હતું, જેમાં સિનિયર એડવોકેટ તથા નોટરી ભ્રાંતિબેન વોરાનું શ્રીમતિ વ્યાસે સન્માન કર્યું હતું. જ્યારે અન્ય સેવાભાવી ડેન્ટલ સર્જન ડૉ. ફૈઝલ ખત્રીનું કેન્દ્રના મંત્રી દિપાલીબેન શુક્લએ સન્માન કર્યું હતું. કેન્દ્ર તરફથી પધારેલ મહાનુભાવોને બુકે આપી તથા શાલ ઓઢાળીને પણ સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે બન્ને મહાનુભાવોએ સન્માન પણ સંસ્થાઓનો આભાર માન્યો હતો. કેન્દ્રના ટ્રસ્ટી ઈલાબેન અંજારિયાએ કેન્દ્રની સ્થાપના, તેની પ્રવૃત્તિઓ અને કરાતી કામગરીઓની વિગતવાર માહિતી આપી હતી. પંકજબેન વચ્છરાજાનીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. પ્રમુખ પદેથી કમળાબેન વ્યાસે ઉપસંહાર કર્યો હતો. સામાજિક કાર્યકર પ્રબોધભાઈ મુનવરે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે કેન્દ્રના કારોબારી સભ્યો શ્રીમતિ ઠક્કર, બિંદુબેન જોષી, કેન્દ્રની બાળાઓ તથા સ્ટાફની બહેનો વિગેરે હાજર રહી હતી. આ પ્રસંગે ભ્રાંતિબેન વોરાએ કેન્દ્રને રૂા.૫ હજાર ડોનેશન આપ્યું હતું, જેનો કેન્દ્રના પ્રમુખે સ્વીકાર કર્યો હતો.

દરિયાકાંઠે આવેલ ચમત્કારી શિવલીંગ પિંગલેશ્વર શિવાલય

નખત્રાણા - કચ્છઉદય : અબડાસા તાલુકાના દરિયાકાંઠે પિંગલેશ્વરનું પ્રાચીન મંદિર આવેલ છે, જે ચમત્કારીક હોવાની સાથે સ્વયંભૂ હોવાની પણ માન્યતા છે, જેના દર્શન કરવા માટે માત્ર કચ્છ જ નહીં, પરંતુ સમગ્ર દેશમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. જેવી રીતે દરિયાકાંઠે આવેલ કોટેશ્વર મહાદેવનું મંદિર અતિ પ્રાચીન છે, તેવી જ રીતે દરિયાકાંઠે પિંગલેશ્વર શિવાલય આવેલ છે. અહીં વર્ષો પહેલા સ્વયંભૂ મહાદેવે ભક્તોને શિવલીંગરૂપે દર્શન આપ્યા હતા. વર્ષો પહેલા અત્રે પીંગલ જાતિના લોકો વસવાટ હતો. અગાઉના સમયમાં અહીં ગાઢ જંગલ હતું. પિંગલ જાતિના લોકોને સ્વયંભૂ શિવલિંગ સ્વરૂપે દર્શન આપતાં તેથી પિંગલેશ્વર નામ આપવાની માન્યતા છે. શિવલિંગ સ્વયંભૂ હોવાથી અમુક ભક્તો તેને જ્યોતિર્લિંગ પણ માને છે. મહાદેવનું મંદિર ચમત્કારી છે. વર્ષો અગાઉ કોઈ ભક્ત મહાદેવ પાસે આવીની ધનની માંગણી કરી તો તેણે જેટલું માંગે તેટલું ધન ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયું હતું. મંદિરનું નવીનિકરણ કરવામાં આવ્યું છે. રાજયના પ્રવાસન વિભાગે પિંગલેશ્વરને પ્રવાસન સ્થળોમાં સ્થાન આપ્યું છે. પિંગલેશ્વર દરિયા કિનારાના વિકાસની મોટી મોટી જાહેરાતો થઈ છે, પણ અમલવારી થતી નથી. શ્રાવણ માસ અને રજાના દિવસે અહીં મેળા જેવો માહોલ હોય છે. સરકાર આ તિર્થસ્થાનને વિકસાવવાની દિશામાં નક્કર કામગીરી કરે તેવું શિવ ભક્તોનો સૂર છે. નમો વડ વનખાતા બાજુમાં નિર્માણ થયું છે, અન્ય થોડીક સુવિધા મંદિરમાં જોવા મળે છે.

વિનસ પાઈપ્સ એન્ડ ટ્યુબ્સ લીમીટેડ

(Corporate Identity Number: L24311GJ2015PLC082306)

રજી. ઓફીસ : સર્વે નં. ૨૩૩/૨, ૨૩૪/૧, ધાણેટી, ભુજ (કચ્છ-૩૭૦૦૨૦) ગુજરાત, ઈન્ડીયા. ફોન : +૯૧ ૨૮૩૬ ૨૩૨૧૮૩/૮૪ | E-mail: cs@venuspipes.com

વિડિઓ કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઑડિયો-વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા આયોજિત થનારી ૧૨મી વાર્ષિક સામાન્ય સભાને લગતી માહિતી

આથી સૂચના આપવામાં આવે છે કે વિનસ પાઇપ્સ એન્ડ ટ્યુબ્સ લિમિટેડ (L24311GJ2015PLC082306) ('કંપની') ના સભ્યોની **૧૨મી વાર્ષિક સામાન્ય સભા** ("AGM") **શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૪:૦૦ વાગ્યે** (IST) વિડીયો કોન્ફરન્સ (VC) અને અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા એક સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના યોજાશે, જે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવેલા નિયમો અને SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ની જોગવાઈઓ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય ('MCA') અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા ('SEBI) દ્વારા આ સંદર્ભમાં જારી કરાયેલા તમામ લાગુ પડતા પરિપત્રો સાથે વાંચવામાં આવશે, જેથી ૧૨મી AGM બોલાવવાની સૂચનામાં દર્શાવેલ વ્યવસાયનું સંચાલન કરી શકાય.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૨મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના અને વાર્ષિક અહેવાલની ઇલેક્ટ્રોનિક નકલો એવા શેરધારકોને મોકલવામાં આવશે જેમના ઇમેઇલ આઇડી કંપની / રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ("RTA) / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DP*) સાથે નોંધાયેલા છે. શેરધારકોએ નોંધ લેવી જોઈએ કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૨મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.venuspipes.com પર સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ એટલે કે BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટwww.nseindia.com પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ભૌતિક રીતે શેર ધરાવતા શેરધારકો cs@venuspipies.com પર વિનંતી મોકલીને અથવા કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ **Kfin Technologies Limited** ને einward.ris@kfintech.com પર તેમનું નામ, ફોલિયો નંબર અને સંપર્ક વિગતોનો ઉલ્લેખ કરીને તેમનો ઈમેઈલ આઈડી રજીસ્ટર/અપડેટ કરી શકે છે. ડીમેટ મોડમાં શેર ધરાવતા શેરધારકો કે જેમણે ડિપોઝિટરીઝ પાર્ટિસિપન્ટ (DP) સાથે તેમના ઈમેઈલ સરનામાં અને મોબાઈલ નંબર નોંધાવ્યા નથી તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના ઈમેઈલ આઈડી અને મોબાઈલ નંબર તેમના DP સાથે નોંધાવે. જોકે, ૧૨મી AGMમાં હાજરી આપવા માટે કામચલાઉ હેતુ માટે આવા શેરધારકો કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ Kfin Technologies Limited ને einward.ris@kfintech.com પર અથવા તેમના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટને તેમના ઈમેઈલ સરનામાં અને મોબાઈલ નંબર નોંધાવવા માટે તેમનો ઈમેઈલ આઈડી આપી શકે છે.

કંપની તેના તમામ સભ્યોને ૧૨મી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં દર્શાવેલ તમામ ઠરાવો પર મતદાન કરવા માટે રિમોટ ઈ-વોટિંગ સુવિધા ('રિમોટ ઈ-વોટિંગ') પૂરી પાડી રહી છે. વધુમાં, કંપની AGM (ઈ-વોટિંગ) દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. AGMમાં જોડાવા અને રિમોટ ઈ-વોટિંગ/ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા ૧૨મી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં આપવામાં આવી છે. VC/OAVM દ્વારા AGMમાં હાજરી આપનારા સભ્યોની ગણતરી કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમ ગણતરીના હેતુથી કરવામાં આવશે.

ફોર, **વિનસ પાઈપ એન્ડ ટ્યુબ્સ લીમીટેડ**
એસડી/-
પવન કુમાર જૈન
(કંપની સેક્રેટરી)
(મેમ્બરશીપ નં.: A66752)

તારીખ : ઓગસ્ટ ૧૩, ૨૦૨૬
સ્થળ : ધાણેટી

જાહેર નિવિદા

ગુજરાત સરકાર
વન વિભાગ

નાયબ વન સંરક્ષકની કચેરી, કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ-કચ્છ.
ફોન નં.૦૨૮૩૨ - ૨૫૦૨૨૭.
Email:defkachchheast@gmail.com

ટેન્ડર નોટીસ નં.૩, ૪/૨૦૨૬-૨૭ (બીજો પ્રયત્ન)

કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ હેઠળની રાપર (દક્ષિણ) રેન્જ કચેરીના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કરવાની થતી નીચેની વિગતેની વોચટાવર અંગેની કામગીરી માટે રસ ધરાવતી એજન્સીઓ/ ઇજારદારો પાસેથી નીચે મુજબ ટેન્ડર આઇ.ડી. નંબરથી ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ટેન્ડર ફોર્મ (નોન-ટ્રાન્સફરેબલ) તેમજ ટેન્ડરનું વિગતવાર વર્ણન વેબસાઇટ https://tender.nprocure.com. ઉપર મુકવામાં આવેલ છે. જેનો અભ્યાસ કરી ટેન્ડરમાં જણાવેલ સૂચના મુજબની કાર્યવાહી કરી શકો છો. તેમજ હવે પછી આ ટેન્ડર અંગે કોઈ સુધારા-વધારા કે સૂચનાઓ હશે તો તે ઓનલાઇન વેબસાઇટ પર કોરિજેન્ડમ પ્રસિદ્ધ કરી જણાવવામાં આવશે. જે ધ્યાને લઇ કાર્યવાહી કરવાની રહેશે.

કામનું નામ	Construction of Watch tower At Manjuvas, Lakdavandh, Ta. rapar, Dist. Kachchh
ટેન્ડર નંબર	૩, ૪/૨૦૨૬-૨૭
ટેન્ડર આઇ.ડી.	Manjuvas- ૩૩૦૬૪૫, Lakdavandh- ૩૩૦૬૪૮
બન્ને ટેન્ડર ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડીંગ તથા સબમિશનની છેલ્લી તારીખ અને સમય	તા.૦૩/૦૮/૨૦૨૬, તા.૧૭/૦૮/૨૦૨૬, સમય - ૧૮:૦૦ કલાક
બન્ને ટેન્ડર ફીઝીકલ ટેન્ડર ડોકયુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તા.૨૧/૦૮/૨૦૨૬, સમય - ૧૬:૦૦ કલાક
બન્ને ટેન્ડર *ટેકનીકલ તથા ફાઇનાન્સિયલ ટેન્ડર બીડ ખોલવાની તારીખ અને સમય (*અથવા અનુકુળતા મુજબ)	તા.૨૧/૦૮/૨૦૨૬, સમય - ૧૭:૦૦ કલાક

વધુ વિગતો ઉક્ત વેબસાઇટ ઉપર જોવા મળશે.

નાયબ વન સંરક્ષક
કચ્છ પૂર્વ વન વિભાગ, ભુજ.

(નામાનિ/કચ્છ/૬૦૩/૨૦૨૬-૨૭)

WELSPUN LIVING LIMITED

Welspun LIVING

(Corporate Identity Number - L17110GJ1985PLC033271)
Regd. Office: Welspun City, Village Versamedi, Taluka Anjar, Dist. Kutch, Gujarat - 370110
Corp. Office: Welspun House, 6th Floor, Kamala Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai, Maharashtra - 400013. E-mail : companysecretary_wll@welspun.com

EXTRACT OF STATEMENT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2026

(₹ in Crores)

Sr. No.	Particulars	Quarter Ended 30.06.2026 (Unaudited)	Quarter Ended 30.06.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)
1	Total Income	2,828.16	2,289.47	9,467.91
2	Profit before Exceptional items and Tax	220.36	123.99	306.44
3	Profit before Tax	220.36	123.99	287.47
4	Net Profit for the Period	162.61	89.30	212.89
5	Total Comprehensive Income/(Loss) for the Period [Comprising Profit for the Period (after Tax) and Other Comprehensive Income (after Tax)]	222.15	104.40	180.73
6	Equity Share Capital (Shares of ₹ 1 each)	94.47	95.91	95.91
7	Other Equity as shown in the Audited Balance Sheet			4,821.28
8	Earnings Per Share (of ₹ 1 each) (Not annualised)			
	a) Basic before exceptional items (in ₹)	1.69	0.92	2.29
	b) Diluted before exceptional items (in ₹)	1.68	0.92	2.29
	c) Basic after exceptional items (in ₹)	1.69	0.92	2.14
	d) Diluted after exceptional items (in ₹)	1.68	0.92	2.14

Notes :

1. The above is an extract of detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation of 33 of the SEBI (Listing Obligations and Other Disclosure Requirements) Regulation 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites www.nseindia.com and www.bseindia.com and also on company's website www.welspunliving.com.
2. Additional Information on standalone financial results is as follow:

(₹ in Crores)

Sr. No.	Particulars	Quarter Ended 30.06.2026 (Unaudited)	Quarter Ended 30.06.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)
1	Total Income	2,168.93	1,905.75	7,814.20
2	Profit before Exceptional items and Tax	191.20	102.16	283.84
3	Profit before Tax	191.20	102.16	270.37
4	Net Profit for the Period	155.73	75.98	240.75
5	Total Comprehensive Income for the Period(after Tax)	157.26	76.42	249.47

FOR AND ON BEHALF OF THE BOARD
Sd/-
Dipali Goenka
(MD and CEO)
DIN : 00007199

Mumbai
Date : August 13, 2026

::: જાહેર નોટીસ :::

નામદાર શ્રી પાંચમા અધિક સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં (અંજાર-કચ્છ)

અ.નં. ૧૭૯૮/૨૬ રે.દીવાની દાવા નં.૨૧૪/૨૦૨૦
મુદત તારીખઃ ૩૧/૦૮/૨૦૨૬

પી.જી.વી.સી.એલ. ....વાદી

વિરૂધ્ધ

સીધલ મધુરામ ગુલાબરામ ....પ્રતિવાદી

વાદીના વકીલ : શ્રી એમ. કે. ગૌસ્વામી

આથી આ જાહેર સમન્સ થી પ્રતિવાદીઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વાદી કંપનીએ અત્રેની કોર્ટમાં સીડીયુલ માં જણાવેલ વિગતે દિવાની દાવો દાખલ કરેલ છે.જે દાવા કામે આવતી તારીખ કોલમ નંબર ૫ માં જણાવ્યા મુજબ મુકરર કરવામાં આવેલ છે.જે તારીખ ૩૧/૦૮/૨૦૨૬ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે પ્રતિવાદી જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં હાજર થઈ જવાબ કરવા જણાવવામાં આવે છે.તેમ છતાંય જાહેર સમન્સ માં જણાવેલ તારીખે નામદાર કોર્ટમાં હાજર રહેવા કસુર કરશો તો સદરહું દાવા કામે પ્રતિવાદીઓ વિરૂધ્ધ તેમની ગેરહાજરીમાં દાવાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટનોંધ લેવી.

અનુ. નંબર	કેસ નંબર	પ્રતિવાદીના નામ	રકમ	મુદત તારીખ
૧.	રે.દીવાની દાવા નં.૨૧૪/૨૦૨૦	સીધલ મધુરામ ગુલાબરામ રહે, ઝુપડપટ્ટી, ખોડીયારનગર, ગાંધીધામ-કચ્છ.	૧૯,૯૯૬.૨૪	૩૧/૦૮/૨૦૨૬

આજ તારીખ ૦૪ માહે ઓગસ્ટ, ૨૦૨૬ નાં રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

તૈયાર કરનાર	મુકાબિલ કરનાર		આદેશથી
(સી. એચ. જોષી)	(ટી. એમ. ભટ્ટ)	કોર્ટનો સિક્કો	(એમ. એચ. ગોહિલ)
આસિસ્ટન્ટ	બેન્ચ કલાર્ક		રજીસ્ટ્રારશ્રી,
પાંચમા અધિક સિનિયર સિવિલ કોર્ટ,ગાંધીધામ	પાંચમા અધિક સિનિયર સિવિલ કોર્ટ,ગાંધીધામ		પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ, ગાંધીધામ.